(૭)

બિનસરકારી માધ્યમિક શાળાના
કર્મચારીઓ માટે ઉચ્ચતર પગાર ધોરણ
મંજુર કરવા માટે સમિતિની રચના
કરવા બાબત.
-૦-૦-૦-૦-૦-૦-૦-૦-૦-૦-૦-૦-૦-

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક: બમશ-૧ ૩૯૪-૨૦૨૮-ગ,
સચિવાલય, ગાંધીનગર,
તા.૧૭/૧/૧૯૯૫.

વંચાણમાં લીધા::-
-૦-૦-૦-૦-૦-૦-૦

(૧) ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રી, ગાંધીનગરનો તા.૧૧/૫/૯૪નો પત્ર ક્રમાંક: વ-૩/ઉ.ગ્રેડ-ઘ-૯૪-૬૩૫૦

(૨) ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રી, ગાંધીનગરનો તા.૧૨/૧/૧૯૯૫નો પત્ર ક્રમાંક: વ-૩/ઉ. પગાર ધોરણ-૯૪-ઘ- ૧૦૩

ઠરાવ::-
-૦-૦-૦-

બિન સરકારી માધ્યમિક શાળાના કર્મચારીઓને ઉચ્ચતર પગાર ધોરણ મંજુર કરવાના કેસો ચોકિટમાં માન્ય રહે તે માટે સમિતિની રચના કરવા ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીના ઉકત વંચાણમાં લીધેલ પત્રોથી દરખાસ્ત કરવામાં આવી છે. આ રજુઆત પરત્વે કાળજીપૂર્વક વિચારણાને અંતે નીચે મુજબની સમિતિની રચના કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

૧. ખાનગી ટ્રસ્ટ સંચાલિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં આચાર્ય સિવાયના શૈક્ષણિક । બિનશૈક્ષણિક કર્મચારીઓ માટે.

::૧:: સંચાલક મંડળના પ્રમુખ
::૨:: સંચાલક મંડળના મંત્રી
::૩:: શાળાના આચાર્ય
::૪:: શિક્ષણ નિરીક્ષક । સરકારી પ્રતિનિધિ ।

૨. ખાનગી ટ્રસ્ટ સંચાલિત માધ્યમિક । ઉચ્ચતર માધ્યમિક શાળામાં આચાર્ય માટે

::૧:: સંચાલક મંડળના પ્રમુખ
::૨:: સંચાલક મંડળના મંત્રી
::૩:: સંચાલક મંડળના પ્રતિનિધિ । પ્રમુખશ્રી નક્કી કરે તે ।
::૪:: જિલ્લા શિક્ષણાધિકારી । સરકારી પ્રતિનિધિ ।

૩. ગ્રામ પંચાયત । નગર પંચાયત । નગરપાલિકા સંચાલિત માધ્યમિક । ઉચ્ચતર માધ્યમિક શાળામાં આચાર્ય સિવાયના શૈક્ષણિક કર્મચારીઓ માટે.

::૧:: પંચાયતપ્રમુખ । વહીવટ દાર
::૨:: શિક્ષણ સમિતિના પ્રમુખ। પંચાયતના અન્ય સભ્ય પ્રમુખ નક્કી કરે તે ।
::૩:: શાળાના આચાર્ય
::૪:: શિક્ષણ નિરીક્ષક । સરકારી પ્રતિનિધિ ।

૪. ગ્રામ પંચાયત । નગર પંચાયત । નગરપાલિકા સંચાલિત માધ્યમિક । ઉચ્ચતર માધ્યમિક શાળામાં આચાર્ય માટે

::૧:: પંચાયતના પ્રમુખ । વહીવટ દાર
::૨:: શિક્ષણ સમિતિના પ્રમુખ । પંચાયતના અન્ય સભ્ય । પ્રમુખ નક્કી કરે તે
::૩:: પંચાયતના બીજા સભ્ય । પ્રમુખ નક્કી કરે તે
::૪:: જિલ્લા શિક્ષણાધિકારી । સરકારી પ્રતિનિધિ ।

ઉપર મુજબની સમિતિ જે તે શાળામાં કર્મચારી । આચાર્ય ને ઉચ્ચતર પગાર ધોરણની બાબતમાં પઢતી સમિતિ તરીકે કામગીરી બજાવશે.

આ હુકમો સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા વિભાગની તા.૧૩/૧/૧૯૯૫ ની સંમતિથી રવાના કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્ય પાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સહી.
(એચ.આર. સોની)
સેકશન અધિકારી,
શિક્ષણ વિભાગ.

'ભટ્ટએસર૪૧૯૫'